For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### આજવા-વડોદરા રોડ પર માધવનગરની સીમમાં બાઇકને અડફેટે લઈ ચાલક ડમ્પર મૂકી ફરાર

# ડમ્પરની ટક્કરે બાઈક સવારનું મોત

**વાઘોડિયા પોલીસે ગુનો નોંધી** ભાગી ગયેલા ડમ્પર ચાલકની શોધ ખોળ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં આજવા-વડોદરા રોડ પર માધવનગર ગામની સીમમાં પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારાતા ડમ્પરની ટક્કરે બાઈકસવારનું ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ ડમ્પરચાલક પોતાનું વાહન સ્થળ પર જ મૂકીને ફરાર થઈ ગયો હતો. આ બનાવને પગલે મૃતકના પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે. વાઘોડિયા પોલીસે અજાણ્યા ડમ્પરચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

વાઘોડિયા તાલુકાના જુના રામપુરા ગામની નવીનગરીમાં રહેતા રવિભાઈ અશોકભાઈ વસાવા (ઉં.વ. 39) તા. 26 ઓક્ટોબરના રોજ કાળા રંગની મોટરસાઈકલ લઈને આજવાથી વડોદરા તરફ જઈ રહ્યા હતા. દરમિયાન માધવનગર ગામની સીમમાં નાથા કાકાના ફાર્મની સામે આવેલા રોડ પર સફેદ રંગના ટાટા કંપનીના ડમ્પર નંબરના ચાલકે સાઈવિલા સોસાયટી તરફ જવાના રસ્તા પરથી પૂરઝડપે અને બેદરકારીપૂર્વક ડમ્પર હંકારી મુખ્ય માર્ગ પર લાવી બાઈક સાથે સામેથી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રવિભાઈ રોડ પર પટકાતા માથા અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ડમ્પરચાલક વાહન સ્થળ પર મૂકીને ભાગી છૂટ્યો હતો. બનાવ અંગે મૃતકનાં પત્ની અરૂણાબેન વસાવાએ વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરાર ડમ્પરચાલકને શોધવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### આજવા રોડ પર બાઈક પરથી પટકાતા યુવકનું મોત

વડોદરા-આજવા રોડ પર નીમેટા ગામની સીમમાં ગૌચરના વળાંક પાસે બાઇક પરથી કાબૂ ગુમાવતા પટકાયેલા 26 વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના કહાનવાડી ગામના વડીયાપુરા વિસ્તારમાં રહેતો વિપુલકુમાર જગદીશભાઈ પઢિયાર યામાહા R15 બાઇક લઈને વડોદરાથી નીમેટા તરફ જઈ રહ્યો હતો. દરમિયાન 25 ઓક્ટોબરે બપોરે આશરે 12:30 વાગ્યે બાઇક પરથી કાબૂ ગુમાવતા બાઇક રોડની બાજુમાં આવેલી પાણીના નિકાલની કાંસમાં ખાબકી હતી. યુવકને કપાળ અને આંખ ઉપર ગંભીર ઇજાઓ થતાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. વાઘોડિયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### વેમારડી ચોકડી પાસે ટ્રકની ટક્કરે બાઈક સવારનું મોત

કરજણ તાલુકામાં વેમારડી ચોકડી નજીક પૂરઝડપે આવેલા અજાણ્યા ટ્રકે બાઇકને ટક્કર મારતાં ડભોઈના છત્રાલ ગામના 49 વર્ષીય રોહિત ઇન્દ્રવદન ઉપાધ્યાયનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ટ્રકચાલક વાહન સાથે ફરાર થઈ જતાં કરજણ પોલીસે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે. મૃતકના ભાઈ હિતેશકુમાર ઉપાધ્યાયની ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### કાઉન્સિલર અને સ્ટાફ આમને-સામને

# વડોદરાના વાડીમાં શાસ્ત્રી બાગ પાસે દંડની કાર્યવાહી પર હોબાળો

**દુકાનનો કચરો રસ્તા પર** ફેંકવા મામલે દંડ વસૂલવા ગયેલી ટીમ સાથે ઉગ્ર બોલાચાલી



વડોદરા:જાહેર માર્ગો પર ગંદકી ફેલાવતા અને દુકાનનો કચરો રસ્તા પર નાખતા વેપારીઓ સામે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી રહી છે. અવારનવાર સૂચનાઓ આપવા અને દંડ ફટકારવા છતાં કેટલાક વેપારીઓના વર્તનમાં ફેરફાર થતો ન હોવાથી દંડની રકમમાં વધારો કરવામાં આવ્યો છે. દરમિયાન, આજે વાડી વિસ્તારમાં શાસ્ત્રી બાગ પાસે ગંદકીના મુદ્દે દંડની કાર્યવાહી કરવા ગયેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ અને કોંગ્રેસના વોર્ડ નંબર ૧૪નાં કાઉન્સિલર દીપા શ્રીવાસ્તવ વચ્ચે ઉગ્ર રકઝક થઈ છે. શાસ્ત્રી બાગ પાસે મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ દ્વારા જાહેર માર્ગ પર ગંદકી ફેલાવવાના મુદ્દે તપાસ અને દંડની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન એક વેપારીને રૂ. ૩,૦૦૦નો દંડ ભરપાઈ કરવા જણાવ્યું હતું. દંડની કાર્યવાહીથી નારાજ વેપારીએ વોર્ડ નંબર ૧૪નાં કોંગ્રેસની કાઉન્સિલર દીપા શ્રીવાસ્તવને જાણ કરતા તેઓ સ્થળ પર પહોંચ્યા હતા. ત્યારબાદ દંડની કાર્યવાહી અને કર્મચારીઓની કામગીરીના મુદ્દે બંને પક્ષ વચ્ચે ઉગ્ર રકઝક થઈ હતી. દીપા શ્રીવાસ્તવે આક્ષેપ કર્યો હતો કે મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ વેપારીઓ પાસેથી પૈસાની માગણી કરે છે અને તેમને ધમકાવે છે. કર્મચારીઓએ જણાવ્યું હતું કે તેઓ મ્યુ. કમિશનરની સૂચના મુજબ વેપારીઓ સામે કાર્યવાહી કરી રહ્યા છે. શહેરમાં વધી રહેલી ગંદકીની સમસ્યા અંગે વાત કરવામાં આવે તો, શહેરના વિવિધ વિસ્તારોમાં કેટલાક વેપારીઓ દુકાનનો કચરો જાહેર માર્ગ પર ફેંકી દેતા હોવાની ફરિયાદો ઊઠતી રહે છે.

### અકસ્માત સર્જીને ડ્રાઇવર સ્થળ પરથી ફરાર થઇ ગયો હતો

# મકરપુરાની જશોદા કોલોનીમાં VMCની કચરા કલેક્શન ગાડી પલટી ખાતા યુવકનું મોત

ઓટલા પર બેઠેલા માતા-પુત્ર ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશનની ગાર્બેજ વેન ફરી વળી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

મકરપુરા વિસ્તારમાં આવેલી જશોદા કોલોનીમાં આજે સવારે મ્યુનિસિપલ કોર્પોરેશનની લાપરવાહીનો ભોગ એક નિર્દોષ યુવક બન્યો હોવાની અત્યંત દુખદ ઘટના સામે આવી છે. કોર્પોરેશનની કચરો કલેક્ટ કરતી ગાડી અચાનક બેકાબૂ



બનીને પલટી ખાતા ઘરના ઓટલા પર બેઠેલા 28 વર્ષીય યુવક પર કાળ બનીને વરસી હતી. આ ગંભીર અકસ્માતમાં યુવકનું સારવાર દરમિયાન કમનસીબ મોત નીપજતા સમગ્ર વિસ્તારમાં ભારે શોક અને રોષની લાગણી ફેલાઈ ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મકરપુરાની જશોદા કોલોનીમાં રહેતા ઠાકોર પરિવારના યુવાન અનિલ સોમાભાઈ ઠાકોર ઉંમર વર્ષ 28 પોતાના ઘરની બહાર આવેલા ઓટલા પર માતા સાથે બેઠા હતા. તે સમયે વડોદરા મહાનગરપાલિકાની કચરો એકત્ર કરવાની ગાડી પૂરઝડપે અને બેફામ ગતિએ ત્યાંથી પસાર થઈ રહી હતી. અચાનક ડ્રાઈવરે ગાડી પરથી કાબૂ ગુમાવતા ગાર્બેજ વેન બેકાબૂ બનીને ઓટલા તરફ ધસી આવી હતી અને ત્યાં જ પલટી મારી ગઈ હતી. ગાડી પલટી ખાતાની સાથે જ ઓટલા પર બેઠેલા અનિલ સોમાભાઈ ઠાકોર વજનદાર વાહન નીચે દબાઈ ગયા હતા. આ આંખ ઝબકતામાં બનેલી ઘટનાથી માતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. નજરોનજર પુત્ર ગાડી નીચે દબાઈ જતા માતાની ચીસાચીસથી આસપાસના રહીશો તાત્કાલિક દોડી આવ્યા હતા. સ્થાનિક લોકોએ ભારે જહેમત અને એજન્સીની મદદથી ગાડીને સીધી કરી અંદર દબાયેલા ગંભીર ઈજાગ્રસ્ત અનિલને બહાર કાઢ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતા ઉપસ્થિત લોકોએ તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત અનિલ સોમાભાઈ ઠાકોરને શહેરની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યા હતા. જ્યાં માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તબીબોએ તેમને બચાવવા માટેના ભરપૂર પ્રયાસો કર્યા હતા, પરંતુ કમનસીબે ટૂંકી સારવાર દરમિયાન જ અનિલનું કરુણ મોત નીપજ્યું હતું. એકના એક યુવાન પુત્રના અચાનક મોતથી પરિવારમાં રોકકળ મચી ગઈ છે અને આખું ગામ શોકાતુર બન્યું છે.

### શાહ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક-૩ના સાંઈનાથ એન્ટરપ્રાઇઝના ગોડાઉન પર ગ્રામ્ય એલસીબીના દરોડા : રૂ. ૧.૨૯ કરોડનો મુદ્દામાલ જપ્ત

# કોટંબીમાં બિશ્નોઈ ગેંગનું વિદેશી દારૂનું ગોડાઉન ઝડપાયું

**બિશ્નોઈ ગેંગના દારૂના** ગોડાઉનનો પર્દાફાશ રાજસ્થાનના ચારની ધરપકડ

**લોરેન્સ બિશ્નોઇ ગેંગ** સાથેના કનેક્શન બાબતે પણ પોલીસ તપાસ કરશે?

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા-હાલોલ રોડ પર કોટંબી ગામની સીમમાં આવેલા શાહ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-3માં વિદેશી દારૂના વિશાળ ગોડાઉનનો વડોદરા ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. સાંઈનાથ એન્ટરપ્રાઈઝ નામના પતરાના શેડવાળા ગોડાઉન પર બાતમીના આધારે દરોડો પાડીને પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની 1,490 પેટીઓમાં ભરેલી 66,432 બોટલો જપ્ત કરી છે. દારૂ, કાર અને મોબાઈલ ફોન સહિત રૂ. 1.28 કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કરી રાજસ્થાનના ચાર શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે ગોડાઉનમાંથી રૂ. 1,24,29,552ની કિંમતનો વિદેશી દારૂ, રૂ. 4 લાખની ફોર્ડ ફિગો કાર અને રૂ. 56 હજારની કિંમતના સાત મોબાઈલ ફોન મળી રૂ. 1,28,85,552નો મુદ્દામાલ કબજે કર્યો છે. આટલી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવતાં દારૂના ગેરકાયદે નેટવર્કમાં સંડોવાયેલા અન્ય શખ્સોને ઝડપી પાડવા તપાસ હાથ ધરવામાં આવી છે. દરોડા દરમિયાન પોલીસે રાજસ્થાનના મનોહરલાલ રૂગનાથ બિશ્નોઈ (રહે. જાલોર), પ્રકાશ ભેરારામ ખીલેરી બિશ્નોઈ (રહે. સાંચોર, જાલોર), પ્રવિણકુમાર રામલાલ ખીચડ બિશ્નોઈ (રહે. સેડવા, બાડમેર) અને દિનેશકુમાર દેરામારામ ખીલેરી બિશ્નોઈ (રહે. ચીતલવાના, જાલોર)ને ઝડપી પાડ્યા છે. પ્રાથમિક તપાસમાં આ દારૂનો જથ્થો વડોદરા અને આસપાસના વિસ્તારોમાં સપ્લાય કરવા માટે હરિયાણાના સુમીત અને મહારાષ્ટ્રના પ્રધાનજી પાસેથી મંગાવવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. આ ઉપરાંત નેટવર્કમાં સામેલ હોવાનું જણાવાતા જોધપુરના સુનીલ હરીંગારામ જાટ સહિત દારૂનો જથ્થો પૂરો પાડનારા સુમીત અને પ્રધાનજી દરોડા દરમિયાન મળી આવ્યા ન હતા. ગોડાઉનમાં દારૂનો આટલો મોટો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, વડોદરા સહિત આસપાસના વિસ્તારોમાં કોને સપ્લાય કરવાનો હતો અને આ નેટવર્કમાં અન્ય કેટલા શખ્સો સામેલ છે તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે.



### જરોદના સાઇનાથ એન્ટરપ્રાઇઝનું ગોડાઉન બિશ્નોઇ ગેંગે ભાડે રાખ્યું

જરોદ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સાઇનાથ એન્ટરપ્રાઇઝ નામની એક કંપનીના ગોડાઉનમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવતાં દારૂના નેટવર્કનો પર્દાફાશ થયો છે. પ્રાથમિક તપાસમાં આ ગોડાઉન બિશ્નોઈ ગેંગ દ્વારા ભાડે રાખવામાં આવ્યું હોવાનું અને છેલ્લા બે અઠવાડિયાથી અહીં દારૂનો સ્ટોક કરવામાં આવતો હોવાની વિગતો સામે આવી રહી છે.વડોદરા ગ્રામ્ય એસપી સુશીલ અગ્રવાલે જણાવ્યું હતું કે, રાજસ્થાનની ગેંગ સાથે સંકળાયેલા દારૂનો જથ્થો હોવાની માહિતી મળી રહી છે.

### જરોદ પોલીસની નજર કેમ ન પડી?

જરોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગ્રામ્ય એલસીબીએ દરોડો પાડી કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડતાં સ્થાનિક પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. અગાઉ સ્ટેટ મોનિટરિંગ સેલે દારૂના કટિંગ પર દરોડો પાડતાં સ્થાનિક પોલીસના કેટલાક કર્મચારીઓની સંડોવણી સામે આવી હતી.

### હલકી કામગીરીથી સ્થાનિકોમાં ભારે રોષ

# આયુર્વેદિક ચાર રસ્તા પાસે ટ્રક ભૂવામાં ખાબક્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરામાં રસ્તાઓની નબળી સ્થિતિ અને નગરપાલિકાની પ્રી-મોન્સૂન તથા મેન્ટેનન્સ કામગીરીની ક્ષતિઓ ફરી એકવાર સપાટી પર આવી છે. શહેરના આયુર્વેદિક ચાર રસ્તા પાસે આવેલ જૂના બસ ડેપો અને આયુર્વેદિક કોલેજની બિલકુલ સામે એક ગંભીર ઘટના સામે આવી છે, જ્યાં અચાનક મુખ્ય માર્ગ જમીનમાં બેસી જતાં ભારે રેતી ભરેલો એક ટ્રક ઊંડા ભૂવામાં ફસાઈ ગયો હતો. ઘટનાને પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો, પરંતુ સદનસીબે મોટી જાનહાનિ ટળતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. મળતી વિગતો અનુસાર, આયુર્વેદિક કોલેજ સામેના વ્યસ્ત માર્ગ પરથી રેતી ભરેલો ભારે ટ્રક પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન અચાનક જ



ડામરનો રોડ ધસી પડ્યો હતો અને જોતજોતામાં ટ્રકનું પૈડું ઊંડા ભૂવામાં ગરકાવ થઈ ગયું હતું. રોડ બેસી જતાં ટ્રક એક તરફ નમી ગયો હતો અને ચાલકે સમયસૂચકતા વાપરી બહાર નીકળી જતાં મોટો અકસ્માત અટક્યો હતો. આ માર્ગ દિવસભર સતત વાહનવ્યવહારથી ધમધમતો હોવાથી, જો તે સમયે કોઈ નાનું વાહન કે રાહદારી ત્યાંથી પસાર થતું હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત.

### વડોદરા મનપાના ફૂડ સેફ્ટી વિભાગની તપાસમાં ઘટસ્ફોટ

# અમિતનગર પાસેની 'કિસ્મત કાઠીયાવાડી રેસ્ટોરન્ટ' સહિત ૧૯ ખાદ્ય નમૂનાઓ સબ-સ્ટાન્ડર્ડ જાહેર

(પ્રતિનિધિ) વડોદરા તા.26

શહેરની જાહેર જનતાના આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વડોદરા મહાનગરપાલિકા દ્વારા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પબ્લિક હેલ્થ લેબોરેટરીના પૃથ્થકરણ રિપોર્ટના આધારે લેવામાં આવેલા નમૂનાઓ પૈકી કુલ ૧૯ નમૂનાઓ સબ-સ્ટાન્ડર્ડ એટલે કે નાપાસ જાહેર થયા છે. જેમાં સમા-સાવલી રોડ પર આવેલ 'અનાયા નેચરલ ઓઈલ્સ'માંથી લુઝ સિંગતેલ, આજવા રોડ પર આવેલ 'તાજ ડેરી', માંજલપુર ગામ ખાતે 'શ્રી રામ દુગ્ધલય', મકરપુરા રોડ પર 'અખર ડેરી ફાર્મ' તેમજ આજવા રોડ પરની 'તાજવાલા ડેરી'માંથી લેવાયેલા લુઝ ઘીના નમૂના પૃથ્થકરણમાં સબ-સ્ટાન્ડર્ડ સાબિત થયા છે. આ ઉપરાંત, છાણી કેનાલ રોડ પર આવેલ 'ગૌરવ પ્રોવિઝન સ્ટોર'માંથી લુઝ તુવેરદાળ અને મકરપુરા સ્થિત 'અમેઈરા ઓર્ગેનીક'માંથી લુઝ સિંગતેલના નમૂના પણ નાપાસ થયા છે. શહેરમાં ખાણીપીણીની વસ્તુઓ અને રેસ્ટોરન્ટ્સમાં પણ મોટાપાયે અનિયમિતતા જોવા મળી છે. તાંદલજા રોડ પર આવેલ 'તડકા પંજાબકા' રેસ્ટોરન્ટમાંથી પનીર લબાબદાર (પ્રીપેડ ફૂડ), ગોત્રી રોડ પર આવેલ 'અસૌરા પ્રોવિઝન સ્ટોર'માંથી લુઝ ગોળ, માણેજા ક્રોસિંગ સ્થિત 'શ્રીજી ડેરી ફાર્મ સ્વીટ એન્ડ ફરસાણ'માંથી લુઝ ઘી, સમા-સાવલી રોડ પર 'સાસ્વત એન્ટરપ્રાઈઝ'માંથી પનીર લખનવી (પ્રીપેડ ફૂડ), કારેલીબાગ વી.આઈ.પી. રોડ પર આવેલ 'શ્રી કીસ્મત કાઠીયાવાડી રેસ્ટોરન્ટ'માંથી લુઝ પનીર અને મકરપુરા સ્થિત 'લક્ષ્મી સ્વીટ એન્ડ ફરસાણ માર્ટ'માંથી લુઝ ચટણીના નમૂના સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયા છે. ફતેગંજ સ્થિત 'હૈદરાબાદીસ' રેસ્ટોરન્ટમાંથી લેવાયેલા ચિકન દમ બિરીયાની અને વેજ દમ બિરીયાની (પ્રીપેડ ફૂડ)ના નમૂનાઓ પણ સબ-સ્ટાન્ડર્ડ હોવાનું સામે આવ્યું છે. વધુમાં, નિઝામપુરા મેઈન રોડ પર આવેલ 'અંબે (ગોકુળીયુ કાઠીયાવાડી રેસ્ટોરન્ટ)'માંથી અનમોલ રતન ઘી (કં. પેક ૫૦૦ મિ.લી. પોલીથીન પાઉચ), આજવા રોડ પર 'નટ્સ એન્ડ ડીલાઈટ્સ'માંથી વિલેજ કાઉ ઘી (ડેલી ફૂડ હાઉસ ગ્લાસ બોટલ), ફતેપુરા હાથીખાના મસાલા માર્કેટયાર્ડ સ્થિત 'શ્રી મોઢેશ્વરી મસાલા ભંડાર'માંથી અથાણા સંભાર (લુઝ) તેમજ ગોત્રી મેઈન રોડ પર આવેલ 'શ્રીજી પ્રોવિઝન સ્ટોર'માંથી લુઝ ગોળના નમૂનાઓ લેબ પૃથ્થકરણમાં સબ-સ્ટાન્ડર્ડ જાહેર કરવામાં આવ્યા છે.

## બાજવાની પરિણીતાનું શંકાસ્પદ મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૬

બાજવા-કરચિયા રોડ પર આવેલા ગોકુળનગર વિસ્તારમાં રહેતા કાજલબેન હર્ષદભાઈ માળી નામના પરણિતા સાથે વહેલી સવારે આ દુર્ઘટના ઘટી હતી. ઘરમાં રાત્રિના સુમારે બનેલી આ ઘટનામાં પાણીની જગ્યાએ એસિડ પીવાઈ જવાના કારણે કાજલબેનની તબિયત બગડી હતી. અચાનક ઉલટીઓ અને તબિયત બગડતા ઘરમાં હાજર સભ્યો અને બાળકો જાગી ગયા હતા અને તાત્કાલિક આજુબાજુના લોકોને એકત્ર કરી તેમને તાત્કાલિક નજીકની શ્રીજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. શ્રીજી હોસ્પિટલ ખાતે પહોંચ્યા બાદ તબીબો દ્વારા કાજલબેનને બચાવવા માટે ત્વરિત સારવાર શરૂ કરવામાં આવી હતી. જો કે, એસિડની ગંભીર અસર અને ઝેરી પ્રભાવના કારણે સારવાર દરમિયાન તેમનું દુ:ખદ નિધન થયું હોવાનું તબીબો દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું.

### રિક્ષા અને બર્ગમેન ટુ-વ્હીલરને નુકસાન પહોંચાડાયું

# નવાપુરામાં જૂની અદાવતમાં હિંસક અથડામણ, પથ્થરમારો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

નવાપુરા વિસ્તારમાં ટોળું વળી તીક્ષ્ણ હથિયારો અને લોખંડની પાઈપ સાથે ધસી આવેલા છ શખ્સોએ એકસંપ થઈ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી છે. નવાપુરા મુસ્લિમ મહોલ્લાના ચકલા પાસે બનેલી આ ઘટનામાં ટોળાએ ફરિયાદીની રિક્ષા અને તેમાં રાખેલો મોબાઇલ તેમજ સાહેદની બર્ગમેન ટુ-વ્હીલરને નીચે પાડી નુકસાન પહોંચાડ્યું હતું. એટલું જ નહીં, પથ્થરમારો કરી એક મકાનના દરવાજાને પણ નુકસાન પહોંચાડ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે નવાપુરા પોલીસે છ શખ્સો સામે રાયોટિંગ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મહેબુબપુરા વિસ્તારમાં ઈમામવાડા પાછળ રહેતા અને રિક્ષા ચલાવી ગુજરાન ચલાવતા મોહસીન શબ્બીરભાઈ ખલીફા (ઉં.વ. 35) સાથે ગત તા. 25 ઓક્ટોબરના રોજ બપોરે 12 વાગ્યાની આસપાસ નવાપુરા મુસ્લિમ મહોલ્લાના ચકલા પાસે આ ઘટના બની હતી. આ સમયે અખત્યારખાન ઉર્ફે લુલ, શબ્બીર શેખ, શાહરૂખ, સકીના, નિલોફર અને નસરત સહિતના છ શખ્સો ભેગા થઈ ટોળું વળીને તીક્ષ્ણ હથિયારો અને લોખંડની પાઈપ સાથે આવ્યા હતા. તેમણે ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી મારવાની કોશિશ કરી હોવાનો આક્ષેપ છે. આ દરમિયાન ટોળાએ ફરિયાદીની રિક્ષા અને તેમાં રાખેલો મોબાઈલ તથા સાહેદ ફારૂક ખલીફાની બર્ગમેન ટુ-વ્હીલરને નીચે પાડી દીધાં હતાં. ત્યારબાદ પથ્થરમારો કરી ફારૂક ખલીફાના ઘરના દરવાજાને નુકસાન પહોંચાડ્યું હતું.

**મંદીનો માહોલ** સીએનજી કિટ નંખાવવાના ધંધામાં 50 ટકાથી વધુનો ઘટાડો નોંધાયો

# સીએનજીના ઊંચા ભાવને કારણે કિટ ફિટિંગનો ધંધો ઠપ્પ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

એક સમય એવો હતો જ્યારે વાહનચાલકો પેટ્રોલના વધતા ખર્ચથી બચવા માટે સીએનજીનો સહારો લેતા હતા, પરંતુ છેલ્લા કેટલાક સમયથી સીએનજીના ભાવમાં સતત વધારો થતાં વાહનવ્યવહારનું આર્થિક ગણિત સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. સમગ્ર ગુજરાતમાં સીએનજીના ભાવોએ હાહાકાર મચાવ્યો છે, ત્યારે સંસ્કારનગરી વડોદરામાં પણ સીએનજીનો ભાવ 96.55 પ્રતિ કિલોગ્રામ આસપાસ ચાલી રહ્યો છે. પેટ્રોલ અને સીએનજીના ભાવ વચ્ચેનો તફાવત ઘટતા હવે બહારથી સીએનજી કિટ નંખાવવાનો ધંધો અડધો થઈ ગયો છે. વડોદરા શહેરના સીએનજી કિટ ઈન્સ્ટોલેશનના વેપારી યગ્નેશભાઈએ જણાવ્યું હતું કે, અગાઉ સામાન્ય દિવસોમાં તેઓ મહિનામાં અંદાજે 250 થી 300 વાહનોમાં સીએનજી કિટ ફિટ કરતા હતા. પરંતુ વર્તમાન પરિસ્થિતિ એવી છે કે હવે માંડ 80 થી 100 ગાડીઓનું કામ પણ માંડ મળે છે. ગ્રાહકોની આવક ઘટી છે અને કિટ ફિટિંગનો ખર્ચ મોંઘો થયો હોવાથી લોકો જૂની ગાડીઓમાં પણ કિટ નંખાવવાનું ટાળી રહ્યા છે.

સ્થાનિક કારીગરો અને ડીલરો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, વર્ષ 2013-14 ની આસપાસ જે સીએનજી કિટ બહારથી નખાવવાનો કુલ ખર્ચ માત્ર 30 થી 35 હજાર રૂપિયાની આસપાસ થતો હતો, તે વધીને હાલ અંદાજે 45 થી 50 હજાર રૂપિયા સુધી પહોંચી ગયો છે. બીજી બાજુ, ઓટોમોબાઈલ કંપનીઓ દ્વારા જ સીધી ફેક્ટરી ફિટેડ સીએનજી કાર્સ બજારમાં મોટા પ્રમાણમાં લોન્ચ કરવામાં આવી રહી છે, જેના કારણે ગ્રાહકો બહારથી લોકલ કિટ નંખાવવાને બદલે કંપની ફિટેડ વાહનો ખરીદવાનું વધુ પસંદ કરી રહ્યા છે.



### બચતનું આકર્ષણ ઘટતા વ્યાપાર પર સીધી અસર

વર્ષ 2021 બાદ સીએનજી સેક્ટરમાં જે તેજી જોવા મળી હતી, તેમાં સરકારી નિયમ અને ભાવવધારાને કારણે મોટો બ્રેક લાગ્યો છે. વડોદરામાં લોકલ સ્તરે ગાડીઓમાં કિટ ફિટિંગનું કામ કરતા કુશળ કારીગરો માટે પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. જો સીએનજીના ભાવો પર કાપ મૂકવામાં નહીં આવે તો આ સ્થાનિક ઓટો ગ્રાફ્ટ અને કિટ ફિટિંગનો વ્યવસાય વધુ મંદીના માહોલમાં ધકેલાઈ જશે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## વ્યાજખોરે રૂ.૧.૩૦ લાખ સામે રૂ.૭.૦૨ લાખ વસુલ્યા, છતાં ઉઘરાણી ચાલુ!

વડોદરા : ગાજરાવાડીમાં રહેતા લાકડા ના વેપારીએ રૂ.1.30 લાખ ઉછીના લીધા બાદ રૂ.7.02 લાખ ચૂકવી દીધા હોવા છતાં વધુ નાણાંની ઉઘરાણી કરવામાં આવતી હોવાનો આક્ષેપ કર્યો છે. એટલું જ નહીં, વેપારી અને તેના પરિવારને જાનથી મારી નાખવાની તેમજ દીકરીને ઉઠાવી જવાની ધમકી અપાતાં પરિવારમાં ફફડાટ ફેલાયો છે. વિશ્વકર્માનગરમાં રહેતા 52 વર્ષીય રાજુભાઈ સોનીએ અલ્પેશ ઉર્ફે અલ્લુ મહાવીર શાહ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આરોપી રોજના રૂ.2,600 વ્યાજ પેટે વસૂલતો હતો. એક દિવસની ચૂકવણીમાં વિલંબ થાય તો વધારાના રૂ.400 અને બે દિવસ બાકી રહે તો રૂ.600 વસૂલવામાં આવતા હતા. ગૂગલ-પે મારફતે મોટી રકમ ચૂકવવા છતાં મૂળ રકમમાં ઘટાડો કરાયો ન હોવાનો આક્ષેપ છે.

### સાવલી સ્થિત હિલ્ટી ઇન્ડિયા પ્લાન્ટ પર જઇ ઉત્પાદન પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું

# લિચેસ્ટેનના રાજકુમાર અલોઈસ અને રાજકુમારી સોફીએ વડોદરાની લીધી મુલાકાત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

ભારતની રાજદ્વારી મુલાકાતે પધારેલા જર્મની નજીક આવેલા યુરોપિયન દેશ લિચેસ્ટેનના રાજકુમાર શ્રી અલોઈસ તથા રાજકુમારી શ્રી સોફીએ વડોદરા જિલ્લાની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન બંને મહાનુભાવોએ સાવલી સ્થિત હિલ્ટી ઈન્ડિયા પ્લાન્ટની મુલાકાત લઈ કંપનીની કામગીરી અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ અંગે જાણકારી મેળવી હતી. સાવલી સ્થિત હિલ્ટી ઈન્ડિયા પ્લાન્ટ ખાતે રાજકુમાર શ્રી અલોઈસ તથા રાજકુમારી શ્રી સોફીએ કંપની દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ ઉત્પાદન પ્રક્રિયાનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. કંપનીના અધિકારીઓ દ્વારા તેમને ઉત્પાદન



એકમની કામગીરી, ઉત્પાદન પ્રક્રિયા તથા ઔદ્યોગિક ક્ષેત્રે કંપનીની પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન બંને મહાનુભાવોએ કંપનીના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. બેઠકમાં વેપારી સંબંધો, ઔદ્યોગિક સહયોગ તથા પરસ્પર આર્થિક સંબંધોને વધુ સુદ્રઢ બનાવવા સંબંધિત વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ મુલાકાતથી ભારત અને લિચેસ્ટેન વચ્ચેના વેપારી તથા ઔદ્યોગિક સંબંધોને નવી દિશા મળે તેવી સંભાવનાઓ અંગે પણ મહત્વપૂર્ણ સંવાદ થયો હતો.